એમએસ ફેબ્રિકેશન શેડ, બોર, ગમાણ અને સ્પેશિયલ સ્ટોરેજ રૂમ સાથેની સુવિધા અપાશે

# નડિયાદમાં ₹૧.૫૦ કરોડના ખર્ચે અદ્યતન પશુ આશ્રયસ્થાન બનશે

**આશરે ૧૫૦** પશુઓની ક્ષમતા ધરાવતા શેડનું કામ ૪ થી ૫ મહિનામાં પૂર્ણ કરવાનો અંદાજ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯
નડિયાદ શહેરના માર્ગો પર અડીંગો જમાવીને બેસતા રખડતા ઢોરના ત્રાસ અને તેના કારણે વાહનચાલકો તથા રાહદારીઓને પડતી ભારે હાલાકીનો કાયમી ઉકેલ લાવવા માટે મહાનગરપાલિકા દ્વારા ડમ્પિંગ સાઈટ નજીક 1.50 કરોડના ખર્ચે અદ્યતન પશુ આશ્રયસ્થાન બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ નવીન આશ્રયસ્થાનમાં એકસાથે 140 થી 150 જેટલા પશુઓને રાખી શકાય તેવું આયોજન કરાયું છે.

નડિયાદ રખડતા પશુ પકડાયાં બાદ તેમને તકલીફ ન પડે તે માટે વિશાળ એમએસ ફેબ્રિકેશનનો શેડ, ઘાસચારો નીરવા માટે પાકી ગમાણ, અને આહારના સંગ્રહ માટે સ્પેશિયલ સ્ટોરેજ રૂમ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, પશુઓને પીવાનું શુદ્ધ પાણી સતત મળી રહે તે માટે બોર બનાવીને પાઈપલાઈન મારફતે સમગ્ર શેડમાં પાણી પહોંચાડવાનું નેટવર્ક ઉભું કરાશે. આ સુવિધાઓથી શહેરમાંથી પકડાતા પશુઓને અનુકૂળ વાતાવરણ મળશે અને માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થશે.

નડિયાદ પાલિકા સામે અગાઉ હાઈકોર્ટની લાલ આંખ બાદ તત્કાલિન તંત્ર દ્વારા હાલ જ્યાં કામગીરી ચાલી રહી છે ત્યાં કામચલાઉ ધોરણે આશ્રયસ્થાન ઉભું કરાયું હતું. જોકે, સુવિધાઓ વિહોણા એ હંગામી આશ્રયસ્થાનના સ્થાને હવે કાયમી અને આધુનિક સંકુલ બનાવવામાં આવી રહ્યું છે, જેને આગામી 4 થી 5 મહિનામાં પૂર્ણ કરવાનો અંદાજ છે.

## દાવોલ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૯
બોરસદના ગ્રામ્ય વિસ્તારોમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. સાતથી આઠ ગામોના ક્લસ્ટર બનાવીને એક ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે અને આ ગામ ખાતેથી જ આજુબાજુના ગામના રહીશોને સરકારની વિવિધ યોજનાઓના ૫૫ પ્રકારના લાભો માર્ગદર્શન અને સહાય મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ૧લી ઓક્ટોબરના રોજ સવારના ૯ કલાકથી બોરસદ તાલુકાના દાવોલ ગામે પ્રાથમિક શાળા ખાતે ૬ ગામો જેમાં બોદાલ, કસુંબાડ, હરખાપુરા, દાવોલ, વાસણા (બો) અને નિસરાયા ગામના રહીશો માટે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે જેનો ગ્રામજનો લાભ મેળવી શકશે. આ સેવાસેતુમાં રાજ્ય સરકારની વિવિધ ૫૫ જેટલી સેવાઓનો લાભ મળશે.

## આણંદના શાસ્ત્રી મેદાન ખાતે અન્ડર-14 ક્રિકેટ સિલેક્શન કેમ્પ યોજાયો





આણંદના શાસ્ત્રી મેદાન ખાતે આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન દ્વારા અન્ડર-14 બોયઝ ક્રિકેટ સિલેક્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બોરસદ, તારાપુર અને ખંભાત સહિત વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૬૦ ખેલાડીઓએ ભાગ લીધો, જેમાંથી ૮૬ પ્રતિભાશાળી ખેલાડીઓની સ્કવોડમાં પસંદગી કરાઈ છે. જેમાં પસંદગી પામેલા ખેલાડીઓ વચ્ચે આંતરિક મેચો રમાડ્યા બાદ આણંદની અંતિમ અન્ડર-14 ટીમ જાહેર કરાશે, જે GCA ઇન્ટર-ડિસ્ટ્રિક્ટ સ્પર્ધામાં ભાગ લેશે. આ પ્રસંગે એસોસિયેશનના સેક્રેટરી શ્વેતલભાઈ પટેલે આર્થિક રીતે નબળા પ્રતિભાશાળી ખેલાડીઓના કોચિંગની તમામ જવાબદારી લેવાની પણ જાહેરાત કરી છે.

# ચરોતરમાં નવરાત્રિ પહેલાં જ તાલ સૂર સાથે ખેલૈયાઓમાં થનગનાટ

**ગરબા** ક્લાસીસમાં અવનવા સ્ટેપ શીખવા યુવાનોની દોડધામ

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૯
ચરોતરમાં નવરાત્રિના આગમનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગરબાપ્રેમીઓમાં અત્યારથી જ ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. નવરાત્રિના નવ દિવસ દરમિયાન ગરબાની રમઝટમાં ઝૂમવા માટે ખેલૈયાઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

નવરાત્રિ દરમિયાન પોતાના ગ્રુપ સાથે પરંપરાગત તેમજ આધુનિક ગરબાની રમઝટમાં જોડાવા માટે ખેલૈયાઓ દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે. એક તરફ ગરબા ક્લાસીસમાં તાલ, લય અને નવા સ્ટેપની પ્રેક્ટિસ ચાલી રહી છે તો બીજી તરફ આયોજકો નવ દિવસના કાર્યક્રમોને યાદગાર બનાવવા માટે આયોજનમાં વ્યસ્ત બન્યા છે.

ચરોતરના વિવિધ શહેરો અને ગામોમાં ગરબા આયોજક મંડળો તથા યુવક-યુવતી ગ્રુપ દ્વારા ઓરકેસ્ટ્રા, ગાયકવૃંદ અને ડીજે માટે અત્યારથી જ બુકિંગ કરાવી દેવામાં આવ્યા છે. ગરબાના સ્થળે સંગીત, સાઉન્ડ સિસ્ટમ અને વિશાળ ડાન્સ ફ્લોર સહિતની વ્યવસ્થાઓ ઊભી કરવા માટે પણ તૈયારીઓ શરૂ થઈ છે.

ગરબા સ્થળોને આકર્ષક બનાવવા માટે રંગબેરંગી લાઈટિંગ, એલઈડી લાઈટ્સ અને વિવિધ થીમ આધારિત સજાવટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેરી વિસ્તારમાં કેટલાક સ્થળોએ પ્રવેશદ્વારથી માંડીને સમગ્ર ગરબા ગ્રાઉન્ડને ઝાકમઝોળ રોશનીથી શણગારવાની તૈયારીઓ ચાલી રહી છે.

નવરાત્રિના દિવસોમાં પરંપરાગત ગરબા સાથે નવા સંગીત અને અવનવા સ્ટેપનો તાલમેલ જોવા મળશે. પરિણામે નવરાત્રિ શરૂ થાય તે પહેલાં જ ચરોતરમાં ગરબાની ધૂમ અને 'હે...હાલો ને ગરબે રમવા'ના તાલનો માહોલ સર્જાઈ રહ્યો છે. ખેલૈયાઓથી માંડીને આયોજકો સુધી સૌ કોઈ નવ દિવસની રંગતભરી રાતોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# વકીલ પર હુમલા કેસમાં હળવી કલમો લગાડવાનો આક્ષેપ

**આંકલાવ** પોલીસ ઇન્સ્પેક્ટર સામે વકીલોનો ઉગ્ર રોષ, આવેદન આપ્યું

(પ્રતિનિધિ) આંકલાવ તા.૨૯
આંકલાવ બાર એસોસિએશનના વકીલ સભ્ય હિતેશ કે. મહેતા અને તેમના પરિવારજનો પર થયેલા હુમલા તથા ગાડીના કાચ તોડવાના મામલે આંકલાવ પોલીસ સ્ટેશનના PI આર.બી. વનાર સામે વકીલોએ ગંભીર આક્ષેપો કર્યા છે. લૂંટ અને રોબરી સહિતનો કોગ્નિઝેબલ ગુનો બનતો હોવા છતાં માત્ર NC દાખલ કરવામાં આવી હોવાનો આરોપ મૂકી વકીલોએ આણંદ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવ્યું છે.

આ આવેદનપત્રમાં જણાવાયા મુજબ, ફરિયાદની ગંભીર હકીકતોને અનુરૂપ કલમો નોંધવાને બદલે કોગ્નિઝેબલ ગુનાને એનસી દર્શાવીને આરોપીઓને લાભ આપવાનો પ્રયાસ કરાયો છે. બીએનએસની જોગવાઈ મુજબ જો એકથી વધુ ગુનાઓમાં ઓછામાં ઓછો એક ગુનો કોગ્નિઝેબલ હોય તો સમગ્ર કેસ કોગ્નિઝેબલ ગણાય છે. આથી વકીલોએ પોલીસ ઈન્સ્પેક્ટર સામે ખાતાકીય તપાસ અને જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ સાથે ગુજરાત અને દેશભરમાં વકીલો પર વધી રહેલા હુમલાઓને ધ્યાને રાખીને વકીલોની સુરક્ષા માટે સત્વરે 'એડવોકેટ પ્રોટેક્શન એક્ટ' લાવવાની પણ ઉગ્ર માંગ કરવામાં આવી છે.

# આણંદ RTO પાસે જ ટેમ્પો પલટી જતાં ચાલકનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯
આણંદ તાલુકાના બેડવા બ્રિજથી વઘાસી ગામ તરફ જવાના ત્રણ રસ્તા પાસે અતુલ શક્તિ થ્રી-વ્હીલ ટેમ્પો અને સ્પ્લેન્ડર બાઈક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટેમ્પો પલટી ખાઈ જતાં તેમાં બેઠેલા એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે બાઈકચાલક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

ઉમરેઠ તાલુકાના ઢોલી ગામના રહેવાસી અને આણંદ અમૂલ ડેરીમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા ચંપકસિંહ તખતસિંહ ચૌહાણ (ઉં.વ. ૩૪) મંગળવારે સવારે પોતાના મોટરસાઈકલ પર નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ વઘાસી ગામના ત્રણ રસ્તા પાસે પહોંચ્યા ત્યારે ચીખોદરા આરટીઓ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા અતુલ શક્તિ ટેમ્પોના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે બાઈકચાલક રોડ પર પટકાયા હતા અને ટેમ્પો પણ માર્ગ પર પલટી ખાઈ ગયો હતો. આ અકસ્માતમાં ટેમ્પો ચાલકની બાજુમાં બેઠેલા રાવજીભાઈ માનાભાઈ પરમાર (રહે. શીલી) ને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના બાદ ૧૦૮ ઈમરજન્સી સેવા મારફતે બંનેને તુરંત સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં રાવજીભાઈનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું હતું. આ અંગે આણંદ રૂરલ પોલીસે ચંપકસિંહની ફરિયાદના આધારે ટેમ્પોચાલક વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આણંદમાં વાહનની ટક્કરે વૃદ્ધનું મોત

આણંદના લોટિયા ભાગોળથી બોરસદ તરફ જતાં બ્રિજ પાસે સોમવારે વહેલી સવારે અજાણ્યા વાહને અડફેટે લેતાં ૯૨ વર્ષીય ભાઈલાલભાઈ ધુળાભાઈ ગોહેલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક આણંદ જનરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડાયા હતા. વડોદરા ખાતે તબીબોએ વૃદ્ધને મૃત જાહેર કર્યા હતા.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## સરદાર પટેલ યુનિવર્સિટીમાં ભારતીય ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન અંગે બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનો પ્રારંભ



**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે રૂસાના સહયોગથી 'વિકાસ સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત ઉચ્ચ શિક્ષણમાં સંશોધન અને નવીનતા વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનો પ્રારંભ થયો છે. કુલપતિ પ્રો. (ડો.) નિરંજનકુમાર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં NIEPA, નવી દિલ્હીના ચાન્સેલર પ્રો. રામાશંકર દુબે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણમાં ગુણવત્તા, કૌશલ્ય વિકાસ અને નવીનતા લાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ સેમિનારમાં ૭ રાજ્યોમાંથી ૫૪૫ પ્રતિનિધિઓ જોડાયા છે અને ૧૪૩ સંશોધનપત્રો રજૂ થવાના છે. પ્રથમ દિવસે 'ધ ફ્યુચર ઇન્ડિયન યુનિવર્સિટી' વિષય પર ચર્ચા કરાઇ હતી.

## કપડવંજ તાલુકાના દાણા ખાતે ઉત્સાહભેર 'આંગણ મિલન ઉત્સવ' યોજાયો



**કપડવંજ |** કપડવંજ તાલુકાના દાણા આંગણવાડી ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તાલુકા ભાજપ ઉપપ્રમુખ વિજયકુમાર પટેલની અધ્યક્ષતામાં આંગણ મિલન ઉત્સવ યોજાયો હતો. આ પ્રસંગે સરપંચ પ્રતિનિધિ, તલાટી કમ મંત્રી, શાળાના આચાર્ય, આંગણવાડી સ્ટાફ, ધાત્રી માતાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ધાત્રી માતાઓ, કિશોરીઓ તથા બાળકોને ઉપયોગી કિટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અધ્યક્ષએ સગર્ભા મહિલાઓ અને ૬ વર્ષ સુધીના બાળકો માટે ચાલતી સરકારી કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## કઠલાલની ભાટેરા પ્રા. શાળા ખાતે ૭૭મો તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો



**કઠલાલ |** કઠલાલના ભાટેરા પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય રાજેશ ઝાલાની અધ્યક્ષતામાં ૭૭મો કપડવંજ-કઠલાલ તાલુકા કક્ષાનો વન મહોત્સવ અને સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભાટેરાના સરપંચ રાજેશ પટેલે ઉપસ્થિત સૌ પદાધિકારીઓનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. આ સમારંભમાં બંને તાલુકાના પંચાયત પ્રમુખો, પ્રાંત અધિકારી, મામલતદારો અને વન અધિકારીઓ સહિત ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉપસ્થિત મહાનુભાવો તેમજ શાળાના આચાર્ય સુરેશ પટેલ અને સ્ટાફે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

## કપડવંજમાં માલઈટાડીની શાળામાં વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ




**કપડવંજ |** કપડવંજના માલઈટાડી ગામની ઇપકોવાળા સંતરામ માધ્યમિક શાળામાં 'સેવા સપ્તાહ' અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફાગવેલ તાલુકા ભાજપ મહામંત્રી રાજેશ પટેલ, ઉપપ્રમુખ વજેસિંહ સોઢા અને ગામના સરપંચ અર્જુનસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા શાળાના આચાર્ય દેવેન્દ્રસિંહ વાઘેલા, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વિદ્યાનગર સ્થિત CVM યુનિવર્સિટી ખાતે 'ન્યુક્લિયર સાયન્સ એન્ડ પબ્લિક અવેરનેસ' પર કાર્યક્રમ યોજાયો



**આણંદ |** સીવીએમ યુનિવર્સિટીના R&D સેલ દ્વારા NPCIL, કાકરાપરના સહયોગથી GCET ઓડિટોરિયમ ખાતે 'ન્યુક્લિયર સાયન્સ એન્ડ પબ્લિક અવેરનેસ' પર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કાકરાપર ગુજરાત સાઇટના સાઇટ ડિરેક્ટર અલ્લાદ પદ્માકર ફડકેએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિશેષ સંબોધન આપ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાત સાયન્ટિસ્ટો કે.ડી. જોષી, ડો. સી.પી. જોષી, ડો. આર.કે. સિંહ અને ડો. પરેશ પ્રજાપતિએ ન્યુક્લિયર સેફ્ટી, રેડિએશન પ્રોટેક્શન અને ઊર્જા સુરક્ષા પર માહિતી આપી હતી.

## આણંદના શિલ્પકારના વર્કશોપની ભાજપના પ્રદેશ અધ્યક્ષે સહિતના નેતાઓએ મુલાકાત લીધી



**આણંદ |** આણંદના શિલ્પકાર લાલજીભાઈ પાનસુરીયાના વર્કશોપની ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, પૂર્વ મહેસૂલ મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ અને ધારાસભ્ય યોગેશભાઈ પટેલે ખાસ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન આગેવાનોએ તેમની શિલ્પકૃતિઓનું નિરીક્ષણ કરી ભારતીય પરંપરા અને આધુનિકતાનો સુંદર સમન્વય ધરાવતી કલાસાધનાની પ્રશંસા કરી હતી. આમ શિલ્પકલા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ લાલજીભાઈ પાનસુરીયાને અભિનંદન પાઠવી તેમની કલાયાત્રા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

## આણંદમાં સિનિયર સિટીઝન ફોરમ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઉપક્રમે ગ્રાહક સુરક્ષા કાનૂની શિબિર યોજાઈ



**આણંદ |** સિનિયર સિટીઝન ફોરમ અને ડિસ્ટ્રિક્ટ કોર્ટ આણંદના સહયોગથી ડી.એન. હાઇસ્કૂલ ખાતે ગ્રાહક સુરક્ષા ધારા અંગે કાનૂની શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં મુખ્ય વક્તા એડવોકેટ મનોજ ભટ્ટે ગ્રાહકોને છેતરાતા અટકાવવા માટે કાયદાકીય વિગતો આપી જાગૃત બનવા પર ભાર મૂક્યો હતો. આ અતિથિવિશેષ વસંતભાઈ પટેલે ડિજિટલ ક્રાંતિના સમયમાં ગ્રાહકો સંગઠિત અને જાગૃત થાય તે જરૂરી ગણાવ્યું હતું. પ્રમુખ મહેશભાઈ પટેલના સ્વાગત પ્રવચન સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં ફેડરેશનના અધ્યક્ષ હસમુખભાઈ કારીયા સહિત મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.

## કર્મરાજ ફાઉન્ડેશન અને જય ભાગવત સેવા ટ્રસ્ટ દ્વારા વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો




**આણંદ |** કર્મરાજ ફાઉન્ડેશન અને જય ભાગવત સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શાળાના બાળકો તથા વાલીઓને મોબાઈલના અતિરેક ઉપયોગ અને વ્યસનથી દૂર રાખવા માટે વિશેષ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપ જિલ્લા મહિલા મંત્રી દિક્ષિતાબેન દવેની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં ભાગવતાચાર્ય શાસ્ત્રીજીએ બાળકો સાથે સીધો સંવાદ સાધી વ્યસનોની આડઅસરો અંગે રસપ્રદ સમજ આપી હતી. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ બાળકો અને વાલીઓએ મોબાઈલનો બિનજરૂરી ઉપયોગ ટાળવાનો સંકલ્પ લીધો હતો, જે આ કાર્યક્રમની મહત્વની સિદ્ધિ રહી હતી.

## આણંદની તક્ષ્યા શ્રીને રાજ્ય કક્ષાની બેડમિન્ટન અન્ડર-11 ગર્લ્સ ડબલ્સમાં કાંસ્ય પદક મળ્યો



**આણંદ |** ગુજરાત બેડમિન્ટન એસોસિએશન દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં આણંદની યુવા ખેલાડી તક્ષ્યા શ્રીએ અન્ડર-11 ગર્લ્સ ડબલ્સ કેટેગરીમાં કાંસ્ય પદક મેળવી ગૌરવ વધાર્યું છે. તક્ષ્યાએ મહેસાણાની અરવિ પટેલ સાથે જોડી બનાવીને આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં રાજ્ય કક્ષાની સ્પર્ધામાં તક્ષ્યાનું આ પ્રથમ પદક છે. તેને 7 સ્પોર્ટ્સ બેડમિન્ટન એકેડમીના પુરુષોત્તમ આવટે અને ભાવિન જાદવ તથા મહેસાણાના વાહિદ મીર દ્વારા વિશેષ તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સિદ્ધિ બદલ પરિવારજનો, કોચ અને શુભેચ્છકોએ તેમને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધાઓ માટે શુભેચ્છા આપી હતી.

## નડિયાદની શ્રીસંતરામ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના વિદ્યાર્થીઓનો ખેલમહાકુંભ ખો-ખો સ્પર્ધામાં ડંકો



**નડિયાદ |** ડીડીઆઈટી કોલેજ ખાતે યોજાયેલા ખેલમહાકુંભ ૨૦૨૬માં તાલુકા (ઝોન 3) કક્ષાની ખો-ખો સ્પર્ધામાં શ્રી સંતરામ ઇંગ્લિશ મીડીયમ સ્કૂલના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધામાં શાળાની બહેનોની U-14 ટીમે દ્વિતીય અને U-17 ટીમે તૃતીય ક્રમાંક મેળવીને સિદ્ધિ હાસિલ કરી છે. આ ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે ભાઈઓ (U-14, 17) તથા બહેનો (U-14) ની ટીમો આગળ જિલ્લા કક્ષાએ રમવા જશે. આ સફળતા બદલ મહંત રામદાસજી મહારાજ તથા મહંત નિર્ગુણદાસજી મહારાજે (ઉમરેઠ) વિજેતા ટીમને સંતરામ મહારાજની દિવ્ય અખંડ જ્યોતના આશીર્વાદ પાઠવ્યા હતા.

## નડિયાદના હઠીપુરા અને સલુણ આંગણવાડીમાં 'આંગણે ઉત્સવ' ની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરાઇ



**નડિયાદ |** તાલુકાના સલુણ અને હઠીપુરા ગામમાં સરકારી આયોજન મુજબ 'આંગણે ઉત્સવ' કાર્યક્રમ યોજાયો, જેમાં સ્થાનિક અગ્રણીઓ, શાળા પરિવાર, માતાઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત બાળકોને સુખડી, કેળા, ચીકી અને બિસ્કિટના પેકેટ નું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગામની સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા અને મળતા પૌષ્ટિક આહાર અંગે તેમના અભિપ્રાય લેવાયા હતા. પ્રાથમિક શાળાના આચાર્ય મયુરિકાબેન રાજપૂત દ્વારા ઉપસ્થિત માતાઓને બાળકોના ઉત્તમ ઉછેર, આહાર, સ્વચ્છતા, સંભાળ અને સંસ્કાર વિશે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.